

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હતા 'ઉડ્ડયન'માં જ મતભેદ મિટાવી દીધા!*
*ફરી પૂર્યા પાંજરે પોપટ, 'રામ' રટાવી દીધા !*
*નચાવી હોળૈયા 'ઘેર' ઘરમેળે પતાવટથી -*
*પાયલોટના પુત્રે, 'પાયલોટ'ને પટાવી દીધા !*

**હાઈકુ**

*લ્યો ! બચી ગયું !*
*ગેહલોત - વિમાન -*
*સ્લીપ થૈ જતાં !!*

*ઉડે છે ઉંઘ*
*રાહુલબાબાની તો -*
*બપોર પછી !?*

### ચિંતન

**સંપ્રાપ્ય મહર્ષિ વૃષ્ઠિ વર્તૈત પિતુરાજ્ઞયા ।**
**પુત્રસ્ય પિતુરાજ્ઞાહિ પરમં ભૂષણ સ્મૃતમ્ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મહાન ઐશ્વર્ય અને શક્તિ (સત્તા-પદ) પ્રાપ્ત કર્યા પછી કારણ કે પિતાની આજ્ઞાનું પાલન એ પુત્રના ચારિત્ર્ય માટે મહાનતમ આભૂષણ છે.

સંતાનોમાં સત્સંગ કે સ્વાધ્યાયના અભાવે પોતાના વડીલો પર પોતાના 'પદ' અને સત્તા થતી ધાક જમાવવાનો પ્રયત્ન કરે છે.

માતાપિતા વડીલો સાથે અને પદની રીતે વડીલ જ છે. સરકારી પદ કે ઐશ્વર્યની પ્રાપ્તિથી કોઈ સંતાન બાપનું 'બાપ' થઈ જતું નથી. વડીલો પાસે તો સંતાન બાળક છે. ઘર-પરિવારમાં હોદ્દા - પદનું મહત્ત્વ નથી. વડીલો પ્રત્યેનો પૂજ્ય ભાવ કદી પણ ઓછો ન થવો જોઈએ.

માતા-પિતા અભણ હોય, ગરીબ હોય છતાં ખૂબ ભણેલાં સંતાન, જો કરોડપતિ થવું હોય તો પણ સંતાન-બાળકનું પદ બાળક જ રહે છે અને એ જ ભાવે વડીલોનું માન જળવાવું જોઈએ.

### સુવિચાર

- સંબંધ જયારે બંધનના દાયરામાં આવી જાય છે ત્યારે ગૂંગળામણની શરુઆત થાય છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- જો તમે તમારા મૂડ, માનસિકતા, મહેચ્છા અને મથરાવટીને ઓળખી શકો તો તમે સમજદાર છો - **ચંદ્રકાન્ત બક્ષી**
- દેહનું સૌંદર્ય નાશવત છે, આત્માનું સૌંદર્ય અમરવંત છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખાલી હાથે આવ્યો, ખાલી હાથે જ જવાનો, કર્મ એવું કર કે ગુણગાન કરે જમાનો - **અખંડ આનંદ**
- જગત જીતવા જેવું ત્યારે જ લાગે, જયારે શ્રમને સ્નેહ અપનાવીશું - **અબ્દુલ કરીમ**
- કંઈક અહેસાસ માણવા માટે આપણે આંખો કેમ બંધ કરી દઈએ છીએ? કારણ કે આપણે જોવું નથી હોતું, અનુભવવું હોય છે - **અંશુમાન શેઠ**
- આજનું ઔષધ : લીમડાના પાનની પેસ્ટમાં હિંગ નાખી લેપ કરવાથી ઘામાં પડેલા જીવડા મરી જાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સુભાષચંદ્ર બોઝને મહાપરાણે પ્રેસીડેન્સી કૉલેજમાં પ્રવેશ મળ્યો હતો. એ કૉલેજના મોટા ભાગના પ્રોફેસર વિદેશી હતા. તેઓ વારંવાર ભારતીય છાત્રોનું અપમાન કર્યા કરતા. એક પ્રોફેશર જહોન મેકલેઈન બોલવામાં બેફામ હતા.

એક દિવસ અંગ્રેજી વ્યાકરણના વર્ગમાં આ પ્રોફેશર જહોન વગર કારણે અપમાનજનક વર્તન કર્યું. કેટલાક ભારતીય છાત્રો સાંભળી રહ્યા હતા. કારણ કે તેમને બીક હતી કે જો વિરોધ કરીએ તો આપણને કૉલેજમાંથી કાઢી મૂકશે. એ વર્ગમાં એક વિદ્યાર્થી સુભાષચંદ્ર પણ હતા. સુભાષચંદ્રે ઊભા થઈને પેલા અપશબ્દ બોલનાર પ્રોફેસરને ગાલ પર એક તમાચો લગાવી દીધો.

આખો વર્ગ સ્તબ્ધ થઈ ગયો. સુભાષચંદ્રને કૉલેજમાંથી કાઢી મૂકાયા. પરંતુ અન્યાયનો સામનો કરવાનું ગૌરવ સન્માનથી તેઓને સંતોષ અને આનંદ થયો. તે પ્રસંગ પછી ભારતીયોની નિંદા કે અપમાન થતાં બંધ થઈ ગયા.

સ્વામાનભેર જીવન જીવવાનો આનંદ જ સાચો આનંદ છે.

# આખરે જન્માષ્ટમી ફળી ખરી....

**તંત્રીસ્થાનેથી...**

જન્માષ્ટમી અશોક ગહલોતને ફળી કે સચીન પાઈલટને તે સમય જતાં સમજાશે. સચીનની ઘરવાપસી દેખીતી રીતે જ ગહલોત જૂથના વફાદારોને કઠી છે અને તે એ વિશે ખુદ અશોક ગહલોત પણ નિખાલસ અભિપ્રાય આપી ચૂક્યા છે. રાજસ્થાનનું રજવાડું પણ મધ્યપ્રદેશની જેમ કોંગ્રેસના કબજામાંથી સરકી જઈ રહ્યું હતું. એને સાચવી લેવા અશોક ગહલોત છેલ્લા એક મહિનાથી વફાદાર ધારાસભ્યો પર ભાજપની બૂરી નજર ન પડી જાય એમ બિલાડી એનાં બચ્ચાને ફેરવતી રહે એમ જયપુરથી જેસલમેર સુધી ફેરવતા રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ ઓછા ઉંધામા નહોતા કર્યા. સચીન પાઈલટને મોટા પદની લાલચ ઉપરાંત એમના સાથીઓને બધી રીતે રાજીના રેડ કરવાનાં વચન આપી હરિયાણા સરકારના સંરક્ષણમાં મોજમજા કરાવી હતી. આખરે આંકડો ન બેઠો અને ઊલટાના કેટલાક ધારાસભ્યોને અશોક ગહલોત ઉપાડી જશે એવું લાગતાં રાજસ્થાનના ભાજપી નેતાઓ એમના સુપ્રીમ બોસ સમક્ષ શરમિંદા બની ગયા છે. દિલ્હી દરબારનું નાક કપાયું છે. ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. હવે પ્રશ્ન છે. કહ્યાગરા રાજયપાલ માટે પણ મોઢું બતાવવા જેવું નથી રહ્યું. હવે પ્રશ્ન છે કોંગ્રેસનાં બે જૂથો વચ્ચેના ખટરાગને થાળે પાડવાનો. અશોક ગહલોત કોઈ પણ સંજોગોમાં સચીન પાઈલટને દિલથી માફ નહીં કરી શકે. એમને એ જુવાન નેતાને 'નકામો' અને 'ભ્રષ્ટ' તથા વધુ પડતો મહત્ત્વાકાંક્ષી કહી ઉતારી પાડવામાં કશું જ બાકી નહોતું રાખ્યું. સચીન પાઈલટ માટે પણ પાર્ટીમાં માનભેર રહેવાનું ઘણું અઘરું બની રહેશે. ગાંધી પરિવારની નજીક હોઈ એમને હાઈકમાન્ડની છત્રછાયાનું રક્ષાકવચ જરૂર મળતું રહેશે પરંતુ રાહુલ-પ્રિયંકા ગહલોત જેવા સિનિયર નેતાને હાંસિયે ધકેલવાની હિંમત કયારેય નહીં કરી શકે. બલકે ગહલોતના વફાદારો પર સચીનની ઠોકી બેસાડવાનો હાઈકમાન્ડનો કોઈ પણ કારસો બૂમરેંગ થઈ કોંગ્રેસના વિભાજનમાં પરિણમી શકે છે. ભારતીય રાજકારણનું આ અતિશય બેહૂદું સ્વરુપ છે. જેના જનક તરીકેની બદનામી અગાઉ હરિયાણાના દેવીલાલ-ભજનલાલ-બંસીલાલની ત્રિપુટીને મળતી રહેલી તે બિરુદ હવે બે ગુજરાતી 'વિભૂતિઓ' ના ખાતે ચડ્યું છે. સત્તાની લાલચ પ્રજામતનો દ્રોહ કરાવે છે એ લોકોએ ગુજરાત, કર્ણાટક અને મધ્યપ્રદેશ પછી રાજસ્થાનના નિષ્ફળ બળવામાં પ્રત્યક્ષ નિહાળ્યું છે. જન્માષ્ટમી ભારતીય મૂળનાં અમેરિકન સેનેટર કમલા હેરીસને પણ ફળી છે. ડેમોક્રેટ સેનેટર તરીકે અને એટર્ની જનરલ તરીકેની એમની કામગીરીથી ખુશથી પાર્ટીના રાષ્ટ્રપતિના ઉમેદવાર બાયડને પોતાનાં ઉપરાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે કમલા પર પસંદગી ઉતારી છે. રંગભેદના ઓછાયા હેઠળ ગત ચૂંટણીમાં વિજેતા બનેલા રિપબ્લિકન ઉમેદવાર અને વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આ 'બ્રાઉન' લેડીની પસંદગીથી આશ્ચર્ય થયું છે. પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામાએ એ પદ માટે કમલાને સુયોગ્ય ગણાવ્યાં છે. ભારતીય મૂળના મતદાતાઓ, સવિશેષ મોદીના અંધભક્તો કમલાની પસંદગી છતાં ટ્રમ્પના જ સમર્થક બની રહે તેવી શક્યતા છે કારણ કે આ બટકબોલી મહિલાએ ભારતના થનાર વસતિ નાગરિકતા કાયદા સંદર્ભની વસતિ નોંધણી મુદ્દે વિરોધ ઉઠાવ્યો હતો. બાયડન વયોવૃદ્ધ છે તો ટ્રમ્પ પણ ઘરડા જ છે. વળી ટ્રમ્પને તો મગજવિહોણા નેતાની ઓળખ પણ સાંપડી ચૂકી છે. એમના અનેક નિર્ણયો સામે પ્રજાકીય વિરોધ જોવા મળ્યો છે. ભારત સાથે ચીન વિરોધી અભિગમને કારણે મીઠા સંબંધો હોઈ એમને ભારતીય મૂળના નાગરિકોના સમર્થનની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. જો કે અમેરિકાના અત્યાર સુધીના રાષ્ટ્રપ્રમુખોમાં સૌથી વિચિત્ર અને ભોટ રાષ્ટ્રપ્રમુખ તરીકે તો એમનું નામ 'અમર' થઈ જ ગયું છે! કોરોનાની રસી બાબતે તેઓ મોટા બણગાં ફૂંકતા રહ્યા અને રશિયાએ ચૂપચાપ રસી તૈયાર પણ કરી દીધી. અંતરિક્ષમાં પ્રથમ રહેનાર રશિયાએ અહીં પણ અમેરિકાને પછડાટ આપી છે. રશિયન સુપ્રીમોએ રસી પોતાની વહાલી દીકરીને જ અપાવી એનું લોન્ચિંગ કર્યું છે. વાઈરલ થયેલ કાર્ટૂનમાં પુતિન ટ્રમ્પના કૂલા પર રસી આપતા દર્શાવાયા છે, એનો જે અર્થ સમજવો હોય તે કરો.

# ગોવિંદ નામ લેકર, ફિર પ્રાણ તન સે નિકલે !

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા



પિતામહ ભીષ્મ બાણશૈયા પર હતા. શ્રીકૃષ્ણ એમની પાસે આવ્યા. પિતામહે એમની સ્તુતિ કરી :



(૧) હું મારું ચિત્ત તમને સમર્પિત કરું છું. મને હવે કોઈ આસક્તિ નથી. તમે ભગવાન છો, યદુશ્રેષ્ઠ છો, અધ્યાત્મપુરુષ છો, તમે પોતે નિજાનંદમાં રહો છો. તમારા આનંદ માટે તમે આ સંસારનો પ્રવાહ ચાલુ રાખ્યો છે.

(૨) તમે ત્રિલોકસુંદર છો. તમારો વર્ણ તમાલપત્ર જેવો છે. તમે સૂર્યકિરણ જેવાં શ્વેત વસ્ત્ર પહેરો છો. તમારા કમળ જેવા મુખ પર અલકલટો છવાયેલી છે. હે અર્જુનસખા, તમારામાં મારો નિઃસ્વાર્થ પ્રેમ સ્થિર થાવ.

(૩) યુદ્ધ ચાલુ હતું. અશ્વોએ ઉડાડેલી ધૂધથી તમારું મુખ રજોટાયેલું હતું. એના પર અલકલટો પથરાયેલી હતી. મારા તીવ્ર બાણોથી તમારી ત્વચા વિંધાઈ જતી. અત્યારે હવે મારો આ આત્મા તમારામાં પ્રવેશ પામો.

(૪) મિત્ર અર્જુનનાં વચનો સાંભળ્યા, કે તરત જ તમે રથને પોતાની અને શત્રુની સેના વચ્ચે મૂકી દીધો. તમારી નજર પડતાં જ, જાણે કે શત્રુના પ્રાણ હરાઈ જાય. અત્યારે હવે મારો પ્રેમ, હે પાર્થ સખા, તમારામાં રહો.

(૫) શત્રુસેના ગોઠવાયેલી હતી આ જોઈને, અર્જુનને સ્વજનનો વધ નહિ કરવાની કુમતિ જાગી. આત્મવિદ્યાના ઉપદેશથી તમે એની કુમતિ દૂર કરી. તમે શ્રેષ્ઠ છો. તમારા ચરણોમાં હવે મારો પ્રેમ સ્થિર થાવ.

(૬) તમારે મારી પ્રતિજ્ઞા જાળવી રાખવી હતી, એટલે તમે તમારો નિયમ તોડી નાખ્યો. રથમાંથી નીચે ઉતર્યા. સિંહ જે રીતે હાથી ઉપર ધસી આવે, એ રીતે તમે રથનું ચક્ર હાથમાં લઈને મારી તરફ ધસી આવ્યા.

(૭) હું દુષ્ટ છું, એ વખતે તમે મારા તીક્ષ્ણ બાણોથી છેદાઈ ગયા. કવચ તૂટી ગયું. તમે લોહિયાળ હતા. છતાં તમે ઝડપથી મારી તરફ ધસી આવ્યા. હે ભગવાન! હવે અત્યારે મારી ગતિ તમારા તરફ હો.

(૮) તમે અર્જુનના રથ ઉપર હતા. એક હાથમાં ચાબૂક અને બીજા હાથમાં અશ્વોની લગામ હતી. હવે મને અત્યારે મરણની ઈચ્છા છે; ત્યારે મારો પ્રેમ તમારામાં સ્થિર થઆવ.

(૯) ગોવાલણોની વિલાસગતિ હતી. તમે એમને સ્નેહથી જોતા. ત્યારે તેઓ રુસણું લઈ લેતી. પરંતુ તમે અદૃશ્ય થાવ ત્યારે પાગલ થઈ જતી. તેઓ હવે તમારાં સ્વરુપને પામી છે.

(૧૦) યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ હતો. તેમાં તમને અગ્ર પૂજા મળી. એ આજે મારી સમક્ષ ઊભા છે.

(૧૧) તમે પોતે આ બધા શરીરો નીપજાવ્યા છે. જે રીતે સૂર્ય અનેક પ્રતિબિંબોમાં હોય, તેમ તમે આ દરેકનાં હૃદયમાં રહેલા છો. મને હવે કોઈ ભેદ કો મોહ રહ્યો નથી. હું તમને જ પ્રાપ્ત કરી રહ્યો છું.

આનો અનુરુપ હોય; એવું બ્રહ્માનંદનું પદ છે :

ઈતના તો કરના સ્વામી,
જબ પ્રાણ તનસે નિકલે -
ગોવિન્દ નામ લે કર,
ફિર પ્રાણ તન સે નિકલે !

# ૨૦૨૨નો ફૂટબોલ વિશ્વકપ કયા દેશમાં યોજાનાર છે?

**ખજાનો**

અનિલ પટેલ



### રમતજગત

૧ કબડ્ડીમાં દરેક પક્ષે કેટલા ખેલાડી હોય છે ?
(અ) પાંચ (બ) સાત
(ક) નવ (ડ) અગિયાર

૨ ખોખોની રમતમાં ખેલાડીઓની સંખ્યા કેટલી હોય છે?
(અ) સાત (બ) નવ
(ક) અગિયાર (ડ) તેર

૩ આખલા યુદ્ધ એ કયા દેશની મશહૂર રમત છે ?
(અ) સ્પેન (બ) ફ્રાન્સ
(ક) હોલેન્ડ (ડ) નેધરલેન્ડ

૪ મશહૂર તાલકટોરા સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) દિલ્હી (ડ) ચેન્નાઈ

૫ યાદવેન્દ્ર સ્ટેડિયમ કયા શહેરમાં આવેલ છે ?
(અ) પટણા (બ) જયપુર
(ક) ગંગટોક (ડ) પટિયાલા

૬ નીચેની કઈ મહિલા ખેલાડી ટેનિસની રમત સાથે સંકળાયેલ છે ?
(અ) તાન્ય સચદેવ (બ) ગરિમા ચૌધરી
(ક) સાનિયા મિર્ઝા (ડ) કર્ણમ મલેશ્વરી

૭ અંજુ બી જયોર્જ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) લાંબો કૂદકો (બ) લાંબી દોડ
(ક) ફૂટબોલ (ડ) જિન્માસ્ટીક

૮ ટેનિશ ખેલાડી એન્ડી મરે કયા દેશનો ખેલાડી છે?
(અ) સર્બિયા (બ) ઈંગ્લેન્ડ
(ક) ચીન (ડ) સ્પેન

૯ વન-ડેમાં ૩૬ બોલમાં સદી ફટકારનાર કોરી એન્ડરશન કયા દેશનો ખેલાડી છે ?
(અ) ઈંગ્લેન્ડ (બ) ઓસ્ટ્રેલિયા
(ક) સાઉથ આફ્રિકા (ડ) ન્યુઝીલેન્ડ

૧૦ આપીએલ-૭ની હરાજીમાં સૌથી મોંઘો ખેલાડી કોણ બન્યો હતો ?
(અ) મહેન્દ્રસિંહ ધોની (બ) વિરાટ કોહલી
(ક) યુવરાજસિંહ (ડ) રોહિત શર્મા

૧૧ વિશ્વ મહિલા સિનિયર સ્નૂકર સ્પર્ધા ૨૦૧૪નો ખિતાબ કઈ ભારતીય મહિલાએ જીત્યો હતો ?
(અ) વૈશાલી મકવાણા (બ) ચિત્રા માગિમેરાઝ
(ક) પૂજન પટેલ (ડ) નિલોફર ચૌહાણ

૧૨ ૨૦૨૨નો ફૂટબોલ વિશ્વકપ કયા દેશમાં યોજાનાર છે ?
(અ) કતાર (બ) ઈંગ્લેન્ડ
(ક) સ્પેન (ડ) ફ્રાન્સ

૧૩ ડેવિડ કપ કઈ રમત માટે અપાય છે ?
(અ) ટેબલ ટેનિશ (બ) શતરંજ
(ક) લોન ટેનિશ (ડ) ચેસ

૧૪ ડાન્સિંગ એમ્પાયર તરીકે કોણ ઓળખાય છે ?
(અ) જોવેલ વિલ્સન (બ) પૌલ વિલ્સન
(ક) ડેરેલ હેર (ડ) ડેવિડ શેફર્ડ

૧૫ ગ્રાન્ડ માસ્ટર કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) શુટીંગ (બ) શતરંજ
(ક) તરણ (ડ) ચેસ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૪ ઓગસ્ટ : પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ**
  - ૨૮ વર્તમાન પત્રો અને ૧૮ સામયિકોના માલિક એવા વિલિયમ રેડોલ્ફ હર્સ્ટનું નિધન (૧૯૫૧)
  - અખંડ ભારતના ભારત અને પાકિસ્તાનમાં ભાગલાં પડ્યાં (૧૯૪૭)
  - ફ્રાન્સે પરમાણું પરીક્ષણ કર્યું (૧૯૭૧)
  - બ્રિટનના જોન ગાલ્સર્વર્ધીની જન્મજયંતિ (૧૮૬૭)
- **૧૫ ઓગસ્ટ : સ્વાતંત્ર્ય દિન**
  - સ્વાતંત્ર્ય સેનાની અને આધ્યાત્મિક સંત કેદારનાથજીનું નિધન (૧૯૭૮)
  - દેશ-વિદેશમાં ત્રીસથી વધુ હોટેલો ઊભી કરનાર અને અંગ્રેજોએ જેમને 'રાય બહાદુર' નો ખિતાબ આપેલ એવા મોહનસિંહ ઓબેરોયનો જન્મદિવસ (૧૮૯૮)
  - પ્રખર રાષ્ટ્રવાદી 'યુગપુરુષ' અતિમનસના યોગી, મહર્ષિ અરવિંદ ઘોષની જન્મજયંતિ (૧૮૭૨)
  - ગાંધીજીના અંગત સચીવ મહાદેવભાઈ દેસાઈનું અવસાન (૧૯૪૨)
- **૧૬ ઓગસ્ટ :**
  - પોડીચેરીનો ભારતમં વિલય થયો.
  - દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો જન્મદિવસ (૧૯૬૮)
  - ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
- **૧૭ ઓગસ્ટ :**
  - એડિટર ઈન ચીફ ફોરેન્સિક મેડીસીન પ્રોફેશર અને લેખક અનિલ અગ્રવાલનો જન્મદિવસ (૧૯૫૬)
  - મહાન ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઈ (૧૯૦૯)
  - વિજયાલક્ષ્મી પંડિતની જન્મજયંતિ (૧૯૦૦)
  - ગનીદહીવાલાની જન્મજયંતિ (૧૯૦૮)
- **૧૮ ઓગસ્ટ :**
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રજ્ઞાચક્ષુ આરાધક વિષ્ણુ દિગંબર પલુસ્કરનો જન્મદિવસ (૧૮૭૨)
  - કલકત્તામાં ફોર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના થઈ (૧૮૦૦)
  - પં. બંગાળના ખડગપુરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી સંસ્થા શરૂ થઈ (૧૯૫૧)
  - પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફનું વડાપ્રધાન પદેથી રાજીનામું (૨૦૦૮)
- **૧૯ ઓગસ્ટ :**
  - વરાળ યંત્રના શોધક જેમ્સ વોટ્નું નિધન (૧૮૧૯)
  - ઈન્ફોસીસના સ્થાપક નારાયણ મૂર્તિના પત્ની તથા કમ્પ્યુટર એન્જીનીયર, લેખક અને સાન્ટીસ્ટ સુધા મૂર્તિનો જન્મદિવસ (૧૯૫૬)
  - પૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્માની જન્મજયંતિ (૧૯૧૮)
  - ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો રૂા. ૧ નો પ્રથમ સિકકો કોલકાત્તાની ટંકશાળમાં બનાવ્યો. (૧૭૫૭)
- **૨૦ ઓગસ્ટ : સદ્ભાવના સંકલ્પ દિવસ**
  - ગાંધીજીના સ્વજન એવા મહાત્મા ટોલ્સટોયની જન્મજયંતિ (૧૮૨૮)
  - પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો જન્મદિવસ (૧૯૪૪)
  - સ્વાઈ ગુજરાતી કાકાસાહેબ કાલેલકરનું અવસાન (૧૯૮૧)
  - ચૌધરી ચરણસિંહ વડાપ્રધાન બન્યા (૧૯૭૯)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**રામમંદિર નિર્માણ કાજે કયા નેતાએ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી હતી ? જવાબ : લાલકૃષ્ણ અડવાણી**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) સૌરભ પટેલ : સે-૩બી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) મીત પટેલ : સે-૨૩ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૮) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, રાંદેસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**તાજેતરમાં કોંગ્રેસના પ્રવક્તા અને નેતાનું નિધન થયું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શ્રીમાન.... ગાંગડુ યાને મિસ્ટર ઍંટ

**હળવે હૈયે**

પ્રકાશ લાલા



'ઓહ... આહ... ઓહ...'

રસ્તામાં મળેલા લાલાકાકાના 'માસ્ક' પાછળથી અમને આવા ઊંહકારા સંભળાયા.

અમે મજાક કરી : 'અંકલ, આ કયું ગીત ગાવ છો ? ઓહ.... આહ.... નવા પ્રકારનું સંગીત છેડી રહ્યા છો ને કાંઈ ?'

'તમે યાર, મને છેડો નહીં, હોં...' રેડ અંકલ બોલ્યા : 'મને દાંત-દાઢ કળે છે ને તમે મને સતાવો છો...' અંકલે દર્દભર્યા અવાજે કહ્યું.

'દાઢમાં કળતર છે તમને, અંકલ ? શું થયું ?' અમે સહાનુભૂતિ બતાવતાં પૂછ્યું.

'ગાંગડુના લીધે, પનુભાઈ...'

'ગાંગડુ ?'

'હા... તમારી અંકલીએ બનાવેલા કઠોળમાં એક ગાંગડુ રહી ગયેલો. એ ભૂલથી ચાવવામાં આવી જતાં દાતને દાઢ તૂટતા તો બચ્યા... પણ દુખે છે....' અંકલે એમના 'ઓહ... આહ... ઓ...' સંગીતનું રહસ્ય ખોલ્યું.... ને પછી ઉમેર્યું : 'પનુભાઈ, ગાંગડુ શબ્દ તો ખબર છે ને? કઠોળના એવા દાણા કે જે ગમે તેટલા બાફો - ઉકાળો - કૂતરની મેક્સિમમ સિટીઓ વગાડો તોય ચઢ્યા - બફાયા ન હોય - કડક જ રહ્યા હોય... કઠોળના આવા દાણાઓને ગાંગડુ કહેવાય...'

'હં.... ગાંગડુ કઠોળ દાણા જેવા ઘણા ગાંગડુ લોકો સમાજમાં પણ હોય છે...' અમે સળી કરી - જો અંકલ કંઈ સમજે તો માનીને !

'હા... આ લોકો, એવા અક્કડ ને જક્કી હોય છે કે કોઈ વાતે સમજે નહીં...' લાલાકાકાએ અમારો ઈશારો સમજવાના બદલે અમારી વાતને મનુમોદન આપ્યું...

'હા.. તમારા જેવા....' અને લગભગ મનમાં જ બોલ્યા.

'સમજે તો બધું પણ અકડાઈ ના છોડે.... પોતાનો જ કક્કો સાચો કર્યા કરે...' એ પ્રગટપણે જણાવ્યું.

'સાવ સાચું... સામેવાળો દલીલો કરી કરીને, દાખલા આપી આપીને, સમજાવી સમજાવીને હાંફી જાય - થાકી જાય પણ આ 'ગાંગડુ' ભાઈ, જરાય નરમ ના પડે, ના માને, ના પીગળે !!'

'અંકલ, આવી વ્યક્તિ માટે 'ગાંગડુ' સિવાય બીજો એક શબ્દ છે : 'ઍંટ' 'સુતળી બળે પણ વટ ના છોડે' જેવું જ 'મિસ્ટર ઍંટ'નું હોય છે... ગમે તે થાય પણ પોતાની ઍંટ કહેતા અકળાઈ ના છોડે તે ના જ છોડે.. ખરું ને અંકલ ? ટૂંકમાં 'પથ્થર ઉપર પાણી' કહેવત આવા 'ગાંગડું' ને 'ઍંટ' જોઈને જ બની હશે ને...'

ત્યાં તો અંકલ એમનું દર્દ ભૂલી બોલી ઊઠ્યા : 'રઘુકુલ વંશ જ માટે કહેવાયું કે પ્રાણ જાય પર બચન ન જાઈ.... આ ગાંગડુઓ માટે કહેવાય કે પ્રાણ જાય પણ ઍંટ ના જાઈ...' ને પછી પોતાની મજાકિયા કોમેન્ટ પર અમે હસીએ એ પહેલાં હો... હો... કરતા પોતે જ હસ્યા...

રેડ અંકલનો હાસ્ય ધોધ શમ્યો એટલે અમે ભોળા ભાવે પૂછ્યું : લાલાકાકા, આવા ગાંગડુઓથી બચવાનો કોઈ ઉપાય ખરો ?'

'હા, દરેક મુસીબતમાંથી છટકવાના રસ્તા હોય જ ને, યાર..., જુઓ, જેમ જમવામાં કઠોળનો ગાંગડુ દાણો આવી જાય તો એને બાજુએ કરી દઈએ છીએ - ફેંકી દઈએ છીએ એમ જ સમાજના ગાંગડુઓને સાઈડલાઈન કરી દેવાના... એનાથી 'દો ગજ કી દૂરી' ને 'સોશિયલ ડિસ્ટન્સીંગ' જાળવવાનું. એવા શ્રીમાન ગાંગડુ કે શ્રીમાન ઍંટને દૂર જ રાખવાના, સમજ્યા ?'

'હા... પણ એવું કયા થઈ શકે છે ! જુઓને, અમે તમેન દૂરી રાખી શકીએ છીએ?' અમારાથી બોલાઈ ગયું.... સદ્ભાગ્યે 'ઓહ... આહ.. ઓ' કરવામાં પડેલા રેડ અંકલે પૂરું સાંભળ્યું નહીં. એમણે પૂછ્યું : 'મને કંઈ કહ્યું?'

'હા...'અમારે કહી દેવું હતું પણ હિંમત ના ચાલી...

એટલે અમે વાત બદલી...

'અંકલ, દાળ જૂની થાય તો ઝટ ચઢે નહીં, ખરું ?'

'હા... અને વહુ ને નોકર - કર્મચારીઓ જૂનાં થાય એટલે પછી માથે ચઢી જાય... ' અંકલ અસલ મૂડમાં આવતાં બોલી ઊઠ્યા...

'વાહ અંકલ... કાકીને આ વાત કહેવા જેવી છે... હું કહું ?'

ને એ સાંભળી રેડ અંકલ ગભરાઈને બૂમ પાડી ઊઠ્યા : 'ના... પનુભાઈ, ના... હોં !'ને પાછા 'ઓહ.... આહ... ઓહ...' કરવા લાગ્યા...